# મહેસાણામાં ૩ કલાકમાં અઢી ઈંચ વરસાદ







મહેસાણા જિલ્લામાં લો પ્રેશર નબળુ પડતાં બે દિવસથી વાતાવરણમાં અચાનક પલટાયુ હતું બે દિવસ માં ભારે બાફ શેહરી જનો ને ભ્ગ્વવાનો વારો આવ્યો હતો ... જેને પગલે બુધવારે મહેસાણા વાસીઓને ૩૨ ડિગ્રી તાપમાન વચ્ચે ઉકળાટે રીતસરનો પરસેવો છોડાવી દીધો હતો. દરમિયાન, રાત્રે ગાજવીજ સાથે વરસાદ પડતાં વાતાવરણ મહદ અંશે ઠંડક પ્રસરી હતી. ..જ્યારે આજે જિલા માં સારો એવો વરસાદ ગુરુવારે નોધવા ગયો હતો જેમાં જિલા માં ૩ કલક માં અઢી ઈંચ વરસાદ નોધાયો હતો.

વાતાવરણમાં આવેલા ફેરફારને લઈ બુધવારે મહેસાણાનું તાપમાન ૩૨ ડિગ્રી રહ્યું હતું. બીજી બાજુ વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધુ હોવાથી ઉકળાટ અનુભવાયો હતો જેને લઈ લોકો રીતસર ત્રાહિમામ પોકરી ગયા હતા. સરકારી ઓફિસ, ઘર અને દુકાનોના પંખાથી પણ લોકોને રાહત મળી હતી. જેને લઈ જિલ્લાવાસીઓને ઠંડક મેળવવા ફરીથી એસીનો સહારો લેવાનો વારો આવ્યો હતો. જ્યાં સુધી વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઊંચું રહેશે ત્યાં સુધી ભારે ઉકળાટનો સામનો કરવો પડશે. બીજી બાજુ ઉકળાટ અને ઊંચા ભેજને લઈ જિલ્લામાં છુટાછવાયા હળવા વરસાદી ઝાપટાં પડી તેવી શક્યતા દર્શાવાઈ હતી જ્યારે આજે ગુરુવારે વરસાદ નોધાયો હતો ... મહેસાણા માં આજે બે દિવસ ના વિરામ બાદ મેઘરાજા એ ધમએકેદાર એન્ટ્રી કરી હતી... મહેસાણા જિલ્લા માં ઓછો વાતો વરસાદ આજે નોંધવા ગયો હતો તો મહેસાણા માં ૩ કલાક માં અઢી ઈંચ વરસાદ મહેસાણા માં ખાબક્યો હતો જેમાં મહેસાણા ના નીચાણવાળા વિસ્તાર માં પાણી ભરાઈ ગયા હતા જેમાં મહેસાણા ના સોમનાથ રોડ પર, પોલીસ પરેડ ગ્રાઉન્ડ પાસે ઢીંચણ સામ પાણી ભરાઈ ગયા હતા તો મહેસાણા ના આર્બન બેન્ક રોડ પર પણ એજ સ્થિતિ સર્જાઈ હતી મહેસાણા ના ગોપી નાળા સહિત ભમરીયા નાળા માં પાણી ભરાઈ જતા ટ્રાફીક જામ ના દ્રશ્ય સર્જાય હતા. તો વિસગર માં એક ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે મહેસાણામાં આજે સવારે ૭ થી ૨ વાગ્યા સુધી ની વરસાદ નો આંકડો આ પ્રમાણે એમ.એમ માં નોંધાયો હતો.

## અરવલ્લી જિલ્લામાં ૨૭મીથી માઁ નર્મદા મહોત્સવ યાત્રા યોજાશે

મોડાસા,તા.૨૦

રાજ્ય સરકાર દ્વારા રાજ્યના ૨૪ જિલ્લાઓમાં યોજાનારી માઁ નર્મદા મહોત્સવ યાત્રા અરવલ્લી જિલ્લામાં પણ યોજાનાર હોઈ આજે મોડાસા ખાતે ભાજપના જિલ્લા કાર્યાલય ખાતે જિલ્લાના તમામ ૬ તાલુકા અને બે શહેરોના સંગઠનના તેમજ ચૂંટાયેલા પ્રતિનિધિઓની મળેલ બેઠકને પ્રદેશ મંત્રી અને પ્રભારી હર્ષદગિરી ગોસ્વામિ,જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી,મહામંત્રી શામળભાઈ પટેલે સંબોધીને આ યાત્રાના સફળ આયોજનને પાર પાડવા કાર્યકર્તાઓને વિવિધ જવાબદારીઓ સોંપીને તેના ઈન્ચાર્જ બનાવાયા હતા.તા.૨૧ અને ૨૨ બે દિવસ દરમિયાન દરેક તાલુકા શહેર સંગઠનની બેઠકો યોજી આ અંગે વિસ્તૃત માહિતી તેમજ જવાબદારી સોંપવા જિલ્લા પ્રમુખ દ્વારા તાકીદ કરાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા-તાલુકાના અપેક્ષિત કાર્યકરો, પ્રદેશ સભ્ય કનુભાઈ, હેમલતાબેન,પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, ભીખીબેન, પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ ભરતસિંહ રહેવર, જિલ્લા પંચાયત વિરોધ પક્ષના નેતા રાજેન્દ્રભાઈ પટેલ, વગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા.

### અમીરગઢની બે કાંઠે વહેતી બનાસ નદીને પાર કરીને

## ૭ ગામના બાળકો જીવના જોખમે અભ્યાસ કરે છે

પાલનપુર, તા. ૨૦

શિક્ષણ માટે મોતના મુખમાંથી દરરોજ શાળાના છે. એક કાંઠે ગામ વસેલું છે તો બીજા કાંઠે શાળા આવેલી છે ચોમાસા ઋતુમાં ઉપરવાસ પડેલ વરસાદથી સરકાર તેમજ જિલ્લાની નેતાગીરીએ નોંધ પણ લીધી નથી જો કે આ સમસ્યા આજની નથી ચોમાસામાં જયારે નદીમાં પૂર આવે છે ત્યારે આ ગામોના લોકોની મુશ્કેલી વધી જાય છે. માત્ર એટલુંજ બાળકોની સંખ્યા એટલા માટે ઓછી દેખાય છે કે હવામાન ખાતાની ભારે વરસાદની આગાહીના લીધે માતા પૂરતી વાત નથી પરંતુ ગામલોકોએ પણ દૂધની ડેરીએ જવા માટે નદીના પાણીમાં થઈને જવું પડે છે. જો





બાળકો ઊંડા પાણીમાં પસાર થઈને શાળા અભ્યાસ મેળવે છે આ સીલસીલો આજનો નથી પણ વર્ષોથી ચાલી આવ્યું છે છતાં પણ સરકાર તેમજ સ્થાનિક નેતાગીરીની નબળાઈના લીધે આજ પણ શાળામાં અભ્યાસ કરતા વિધાર્થીઓને રોજ જીવના જોખમે પોતાનું ભાવિ ઉજજવળ માટે નદીમાં પાણીમાંથી પસાર થાય બે કાંઠે વહેતી નદીને કારણે સાત ગામના બાળકો અભ્યાસથી પણ વંચિત રહી જાય છે.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં અંતરિયાળ ગામમાં આજે પણ કેટલી મુશ્કેલીએ શાળામાં અભ્યાસ માટે કેવી જોખમી સફર કરી રહ્યાં છે જેની કડવી વાસ્તવિકતા અમે બતાવા જઈ રહ્યા છે જેના માટે આજદિન સુધી પણ વર્ષો જૂની છે કે જ્યાં પ્રાથમિકથી માધ્યમિક સુધી ભણવા માટે બે કાંઠે વહેતી નદીના જોખમી નીરમાંથી બાળકોને રોજ પસાર થવું પડે છે અમીરગઢ તાલુકાના સોનવાણી, ઈસવાણી, ગોરીયા સહીત ખાળી જેવા ૮ થી ૧૦ ગામડા આવેલા છે આ ગામ નદીના સામે કાંઠે વસેલા છે જ્યાં ગામમાં મોટી જનસંખ્યામાં લોકો વસવાટ કરે છે જો કે નહિ શાળામાં અભ્યાસ કરતા બાળકોને નદી પસાર કરવા માટે વાલીઓની મદદ લેવી પડે છે. આ દ્રશ્યો છે અમીરગઢ પાસેથી વહેતી બનાસ નદીના છે. જ્યાં ઢીંચણ સમા ઊંડા પાણીમાંથી શાળાએ જતી વખતે અને શાળામાંથી છૂટથી વખતે એકબીજાના સહારે જીવના જોખમે સગીર અને પુખ્તવયના બાળકો પસાર થાય છે કેમેરામાં કેદ થયેલા પિતાએ તેમના લાડકવાયા સંતાનોને જોખમી શિક્ષણથી વંચિત રાખ્યા છે અહીંયા રોજ મોટી જનસંખ્યા વિધાર્થીઓ બે કાંઠે વહેતી વિશાળ નદીમાં માથા પર ભણતરનુ ભાર મૂકીને મોતના મુખમાંથી પસાર થાય છે. જયારે વરસાદી માહોલ હોય છે ત્યારે શાળાના સંચાલકો વિધાર્થીઓને સમય કરતા વહેલા છોડી મૂકે છે. અહીંયા માત્ર બાળકો અચાનક બનાસ નદીમાં પાણીમાં પૂર આવે તો અહીંના ગામલોકો અને વિધાર્થીને માટે જીવન જોખમી બને શકે તેમ છે પરંતુ ચોમાસાની મોસમમાં વેહતાં નદીના જોખમી પાણીમાંથી પસાર થવાની આદતથી ટેવાયેલા આ બાળકોને પોતાના ઉજજવળ ભાવિ માટે ભય વગર શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે.

## પ્રદેશ કારોબારીમાં કિસાન મોરચાની કારોબારીમાં નિમણૂંક



ભિલોડા, તા. ૨૦

ઈડર તાલુકાના પૂર્વ પ્રમુખ તથા બાળગોપાળ મંડળીના ચેરમેન અને ઈડર વિધાનસભા વિસ્તારના ભારતીય જનતાપાર્ટીના અગ્રણી એવા અશ્વિનભાઈ પટેલની પ્રદેશ કારોબારીમાં કિસાન મોર્ચામાં કારોબારી સભ્ય તરીકે નિમણૂંક બદલ ઈડર ભાજપ યુવા મોર્ચા ઈડર તાલુકા શહેર તથા યુવા મોર્ચાના પ્રમુખ પટેલ તરૂણભાઈ અને યુવા મોર્ચાના મહામંત્રી કુંપાવત હરપાલસિંહ તેમજ પક્ષના સાથી મિત્રોએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

## પ્રાંતિજના સાંપડ ખાતે પ્રાંતિજ-તલોદ તાલુકા કોંગ્રેસ સમિતિ બુથ કાર્યકર સંમેલન યોજાયું

પ્રાંતિજ, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના સાંપડ ખાતે પ્રાંતિજ-તલોદ તાલુકા કોંગ્રેસ સમિતિ બુથ કાર્યકર સંમેલન યોજાયું હતું જેમાં પ્રાંતિજ-તલોદમાંથી કોંગ્રેસ કાર્યકરો આગેવાનો હજારોની સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.




આવનારી વિધાનસભાની ચૂંટણીને લઈને ગુજરાત સહિત જિલ્લાઓ તાલુકાઓમાં રાજકારણમાં દિવસે ને દિવસે ચૂંટણીને લઈને ગરમાવો તેજ થયો છે ત્યારે ૩૩ વિધાનસભા પ્રાંતિજ-તલોદના કોંગ્રેસ દ્વારા પહેલાંથી ચાલુ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાને રીપીટ જાહેર કર્યા છે. જયારે પ્રાંતિજ-તલોદ તાલુકાના કોંગ્રેસ સમિતિ દ્વારા આવનાર વિધાનસભાની ચૂંટણીને લઈને આજે બુથ કાર્યકર સંમેલન યોજાયું હતું જેમાં ૫૦ જેટલાં ભાજપ ના હોદ્દેદારો કાર્યકરો ભાજપ છોડીને કોંગ્રેસ માં જોડાયાં હતાં અને કેસરીયો ખેશ છોડી કોંગ્રેસનો ખેશ ધારણ કર્યો હતો આ પ્રસંગે કોંગ્રેસ એઆઈસીસી સંગઠન મંત્રી વર્ષાબેન ગાયકવાડ, ડીસાના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ, પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, જિલ્લા પ્રમુખ ગોપાલસિંહ રાઠોડ, પ્રાંતિજ તાલુકા પંચાયતના પ્રમુખ દક્ષાબેન સહિત કોંગ્રેસ કાર્યકરો પ્રાંતિજ-તલોદના પ્રમુખો આગેવાનો સહિત હજારોની સંખ્યામાં કોંગ્રેસ કાર્યકરો મહિલાઓ સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં અને મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો આગેવાનો ઉપસ્થિત રહેતાં હોલ પણ નાનો પડ્યો હતો.

## મેઘરજ તાલુકાના રસ્તાની પોલ ખુલી

મેઘરજ, તા. ૨૦

સરકાર દ્વારા જનતાના વિકાસ માટે કરોડો રૂપિયા ખર્ચવામાં આવે છે પરંતુ સ્થળ ઉપર ચોથા ભાગના પૈસાનો ઉપયોગ થતો જ નથી. સમયસર કામ થતુ નથી. રસ્તા-રોડના કામો ચોમાસામાં જ થાય છે. જેથી ૭૦ ટકા તો વેઠ ઉતારવામાં આવે અને તાલુકાના અધિકારીઓ એડવાન્સમાં પોતાના વિધિ કરી લે પછી જોવા પણ આવતા નથી. જાડી ચામડીના કોન્ટ્રાક્ટરો તાલુકા-જિલ્લાના અધિકારીઓનું પણ માનતા નથી. રોડના કામો તો માત્ર મજૂરો દ્વારા જ માપણી થાય છે. કોન્ટ્રાક્ટરો એસીમાં આરામ કરી નફાની ગણતરી કરે છે.

ધાંધીયા-વલુણાના સરપંચોનુ જણાવવુ છે કે અમારો રોડ થોડા સમય પહેલાં બનેલો છે પરંતુ આજે બસવાળા આવવા ના પાડે છે. ખાનગી જીપોવાળા પેટીયુ રળવા વાહન ચલાવે છે અને બે પૈડાવાળાને તો અન્ય રસ્તો પકડવો પડેછે. આવી દશામાં જીવતા તમામ વર્ગના લોકોની આવક ક્યારે બમણી થશે, આવા ડામર રોડમાં મેટલ છુટી પડી જવાનુ કારણ એ જ કે ડામર સારો વપરાતો નથી. રોડ બને ત્યારે સારો લાગે પરંતુ ચાર છ મહિના પછી ચોમાસુ આવે ત્યારે પોલ ઉગડી જાય છે. આવા તો મેઘરજ તાલુકાના ગણા ડામર રસ્તા ઉપર ખાડા પડી ગયા છે. ત્યારે અન્ય જનતા પણ તંત્રની કામગીરી ઉપર ઉપેક્ષા સેવે છે કે સરકારની તિજોરી તો રોડવાળાએ જ ખાલી કરી, દશા ક્યારે સુધરશે.



## વૃક્ષારોપાણ અભિયાન

ગુજરાતના મુખ્યમત્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમા યોજાયેલા વન મહોત્સવમાં સમગ્ર ગુજરાતમાં ૧૦ કરોડ વુક્ષોનો ઉછેર કરવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે. ત્યારે સાબરકાંઠા જીલ્લાના તલોદ તાલુકાના રોજડકમ્પાના પ્રગતિશિલ ખેડૂત હીતેન્દ્રભાઈ પટેલ ધ્વારા પોતાના લેમીનો ફાર્મ પર (છ્ત્રીસાકંપા) ખેતરના સેઢા ઉપર ૧૦૦૦૦ વુક્ષો વાવવાનો ભગીરથ પ્રયાસ કર્યો છે. અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ કુર્ષી અને પર્યાવરણ સમીતી ધ્વારા આયોજીત સાબર રીજીયન ધ્વારા સમર્થીત વૃક્ષોરોપણનો કાર્યક્ર્મ(તા- ૧૮-૦૭-૨૦૧૭) ના રોજ સુપ્રસિધ્ધ ક્રીકેટર યુસુફ પઠાણની હાજરીમાં યોજાયો હતો જેમાં કન્વીનર શાંતીભાઈ ભગત ,પીડીઓ હીતેન્દ્રભાઈ પોકાર, પ્રમુખ રવિભાઈ ધોળુ, ઉપપ્રમુખ અને મીશન ચેરમેન પ્રો.વસંત ધોળુ, મહામંત્રી મોહનભાઈ ધોળુ સહીત અગ્રણીઓ મોટી સંખ્યામા ઉપસ્થિતિ રહ્યા હતા. યુસુફભાઈ પઠાણે સભામાં દરેકને ઘર ઘર વૃક્ષો વાવી મીશન ગ્રીન ઈન્ડીયાનું સ્વપ્નું સાકાર કરીએ તેવી પ્રતિક્ષા સાથે બધાને શુભ સંદેશ પાઠવ્યો છે આ પ્રયાસને સફળ બનાવવા માટે લેમીનો એગ્રો ઈન્ડીયા પ્રા. લિ. નો સતત સાથ અને સહકારથી સફળ કરેલ છે.

## વિસનગર એસ.કે. પટેલ યુનિ. ખાતે સાંકળચંદ દાદા ઉપવનનું લોકાર્પણ

મહેસાણા, તા. ૨૦

રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ ૬૮માં વન મહોત્સવ જિલ્લાકક્ષાના કાર્યક્રમ વિસનગર ખાતે ઉપસ્થિત રહી પ્રારંભ કરાવ્યો હતો. નાયબ મુખ્યમંત્રીએ સાંકળચંદ દાદા ઉપવનમાં વૃક્ષ વાવી જિલ્લાકક્ષાના વન મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો.

૬૮મા વન મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે સ્વ. કનૈયાલાલ મુનશીએ સમગ્ર દેશમાં વન મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો જેના કુલશ્રૃતિ સ્વરૂપે આજે સમગ્ર દેશમાં અને રાજ્યમાં વન મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. ગુજરાતમાં દસ કરોડ વૃક્ષો વાવવાનો સંકલ્પ રાજ્ય સરકાર દ્વારા કરાયો છે. જેમાં મહેસાણા જિલ્લાએ પણ ૨૩ લાખ રોપાઓનું વાવેતર કરનાર છે. નાયબ મુખ્યમંત્રીએ જિલ્લાની પ્રજાને વૃક્ષોના જતન અને માવજત માટે અપીલ કરી હતી.

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતુ કે ગ્લોબલ વોર્મિંગ જેવી વૈશ્વિક સમસ્યાઓના નિવારણ માટે વૃક્ષો ઉત્તમ ઉપાય છે. ગ્લોબલ વોર્મિંગના



પડકારોને પહોંચી વળવા રાજ્ય સરકારે જનજાગૃતિ જગાવી છે. નાયબ મુખ્યમંત્રીએ સૌર પવન, પાણી જેવા કુદરતી સંશાધનોનો ઉપયોગ કરી પર્યાવરણની જાળવણીમાં સહયોગ આપવા અપીલ કરી હતી.

નાયબ મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકારની વન મહોત્સવની પહેલથી તાલુકા પંચાયતો અને ગ્રામ પંચાયતોને સીધી આવક થઈ છે. મહેસાણા જિલ્લામાં ૨૫૦ ગ્રામ પંચાયતો અને જિલ્લાનીતાલુકા પંચાયતોને રૂ. ૬ કરોડ જેટલી આવક થઈ છે. રાજ્યકક્ષાના વન મહોત્સવમાં વિજાપુર તાલુકા પંચાયતને ૨૭ લાખ ૪૪ હજાર રુપિયાનો ચેક અર્પણ કરાયો હતો. આ ઉપરાંત મહેસાણા જિલ્લો ૬૭ લાખ લીમડાઓ સાથે રાજ્યમાં અગ્રનું સ્થાન ધરાવે છે તેમ જણાવ્યું હતું.

## ભિલોડામાં ત્રણ મકાનોમાં મધ્યરાત્રે તસ્કરો ત્રાટક્યા

ભિલોડામાં ત્રણ બંધ મકાનોમાં મધ્યરાત્રે અજાણ્યા તસ્કરો ત્રાટક્યા હતા. હાર્દસમા રેસીડેન્ટ ભરચક વિસ્તારમાં આવેલ પીપળા ફળી પાસે ત્રણ બંધ મકાનોના દરવાજાના તાળા તોડી તસ્કરોએ ચોરી કરી પલાયન થઈ ગયા હતા પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે ત્રણ બંધ મકાનના માલીકો બહાર ગામ રહેતા હોવાથી તસ્કરોએ કઈ કઈ ચીજવસ્તુઓની ચોરી કરી હશે તે જાણવા મળેલ નથી.

ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એમ.એચ. સોલંકીએ ચોરીની ઘટના સંદર્ભે એફ.એસ.એલ., ડોગ સ્કવોર્ડ બોલાવી હોવાનું જાણવા મળેલ છે. ભિલોડામાં હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારમાં આવેલ પીપળા ફળી પાસે મહેશકુમાર એન.ત્રિવેદી, ભુપેન્દ્રભાઈ એમ.પંડ્યા, સુરેશકુમાર જે.પંડ્યા સહિત બંધ મકાનોમાં અજાણ્યા તસ્કરોએ મકાનોને નિશાન બનાવી બંધ મકાનોના દરવાજાના તાળા તોડી અને તિજોરીઓના તાળા તોડી વિવિધ માલમત્તાની ચોરી કરી તસ્કર ટોળકી પલાયન થઈ જતાં પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ત્રણ બંધ મકાનોમાં ચોરી થઈ છે પરંતુ મકાન માલીકો બહાર ગામ રહેતા હોવાથી કોના મકાનમાં શું શું ચોરાયું છે તે મકાન માલીકો આવશે ત્યારે જ ખબર પડશે.